ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# આજે મનપાના મહાજંગનું મતદાન

**૪૪ બેઠક ૧૬૧ ઉમદવારો : ૨.૮૨ લાખ મતદારો : ૨૮૪ મતદાન મથકો : ૧૩૬ સંવેદનશીલ અને ૬ મતદાન મથકો અતિ સંવેદનશીલ**





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠકો માટે આજે નગરના ૨.૮૨ લાખ મતદારો મતદાન કરી પોતાના નગરસેવકોની પસંદગી અંગેની મહોર મારશે.

હળવા વરસાદની આગાહી વચ્ચે તંત્રએ આ મતદાન માટેની તૈયારીઓ પૂરી કરી દીધી છે અને પોલિંગ પાર્ટીઓ પણ જે તે મતદાન મથક પર પહોંચી ચુકી છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં ૧૬૧ ઉમેદવારોએ ઝંપલાવ્યુ છે. જેમાં કોંગ્રેસ-ભાજપના ૪૪-૪૪ ઉમેદવારો છે. આમ આદમી પાર્ટીના ૪૦ ઉમેદવારો, બહુજન સમાજ પાર્ટીના, એન.સી.પી.ના ૨, ૬ અન્ય પક્ષના તથા ૧૧ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે.



આ ચૂંટણી માટે ૨૮૪ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જે પૈકી ૧૩૬ સંવેદનશીલ મતદાન મથકો છે અને ૬ મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે.

આજ રીતે ગુનાહિત ઈતિહાસ ધરાવતા ૩૭૧ ગુનેગારોની અટકાયત તેમજ ૪૪૪ હથિયારો પોલીસ દ્વારા જમા લેવામાં આવ્યા છે.

મતદાન મથકો પર સ્થાનિક પોલીસની સાથે એસ.આર.પી.ના જવાનોને પણ બંદોબસ્તમાં ગોઠવવામાં આવ્યા છે. સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસે સઘન પેટ્રોલીંગ પણ વધારી દીધુ છે.

વોર્ડ નં. ૨ ના બે અને વોર્ડ નં. ૪ ના ચાર મતદાન મથકો અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યા છે. વોર્ડ નં. ૧ માં ૭, વોર્ડ નં. ૨ માં ૮, વોર્ડ નં. ૩ માં ૧૪, વોર્ડ નં. ૪ માં ૧૬, વોર્ડ નં. ૫ માં ૨૧, વોર્ડ નં. ૬ માં ૧૭, વોર્ડ નં. ૮ માં ૪, વોર્ડ નં. ૯ માં ૧૦, વોર્ડ નં. ૧૦ માં ૨ અને વોર્ડ નં. ૧૧ માં ૬ મથકો સંવેદનશીલ મતદાન મથકો તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ચૂંટણીતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કોરોના ગાઈડલાઈનના પાલન માટે મતદાનના સમયમાં વધારો કરવામાં આવ્યો છે. મતદાન મથકો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવવામાં આવશે, માસ્ક તેમજ સેનીટાઈઝરની પણ ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. મત આપવા જતા તમામ મતદારનું થર્મલ ગનથી સ્કીનીંગ કરવામાં આવશે. તંત્ર દ્વારા આ માટેના જરૂરી કર્મચારીઓના હુકમો પણ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત અશક્ત અને વૃદ્ધ મતદારો માટે મતદાન મથક પર વ્હીલચેરની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

મતદાનના ડાબા હાથની બીજી આંગળી પર અવિલોપ્ય શાહીની નિશાની કરવા માટેની સૂચનાઓ રાજ્ય ચૂંટણી પંચે આપી છે.

ગાંધીનગર મહાનગર મહાનગરપાલિકાનો આ ચૂંટણી જંગ ત્રીજીવાર ત્રીજા સીમાંકન સાથે યોજાઈ રહ્યો છે. આ જંગ ત્રિપાંખીયો જંગ છે. આ ચૂંટણીએ રાજ્યભરનું ધ્યાન ખેંચ્યુ છે. બધા જ ઉમેદવારોએ આ જંગમાં આક્રમક પ્રચાર અભિયાન કર્યુ હોઈ રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

આમ તો એપ્રિલમાં આ ચૂંટણી યોજાવાની હતી પરંતુ કોરોનાની મહામારી અને ત્યારબાદ ચોમાસુ અને વાહકજન્ય રોગચાળાના ભયને લઈ ૬ માસ વિલંબથી આ ચૂંટણી યોજાઈ રહી છે.

## પોલિંગ પાર્ટીની કીટનું વજન ૧૨ થી ૧૩ કિલો થયું...

### આરોગ્ય વિભાગની જ કીટનું વજન અઢી થી ત્રણ કિલો જેટલુ થયુ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગ માટે જે પોલિંગ પાર્ટીઓની કીટ તૈયાર કરવામાં આવી હતી તેનુ વજન અંદાજે ૧૨ કિલો જેટલુ થવા પામ્યુ છે.

૨ થી ૩ કિલો વજનનો આરોગ્યતંત્ર દ્વારા તૈયાર કરાયેલ કીટનું જ થવા જાય છે. કોરોનાની ગાઈડલાઈના પાલન માટે ચૂંટણી પંચે આપેલી સૂચના મુજબ આ આરોગ્યની કીટ તૈયાર કરવામાં આવી છે. મતદાન મથક પર ૧૦૦ માસ્ક, બે પી.પી.ઈ. કીટ, ૧ હજાર ડિસ્પોઝેબલ ગ્લોવ્ઝ, સેનેટાઈઝરની ૪ બોટલ, ૫૦૦ એચએલની તેમજ ચૂંટણીની ફરજ પરના કર્મચારીઓ માટે ૮ પ્લાસ્ટીકના ગ્લોવ્ઝનો સમાવેશ થાય છે.

આરોગ્યતંત્રની કીટ ઉપરાંત ઈ.વી.એમ. મશીન, વૈધાનિક કવરો, સીલ, મતદારયાદી અને અન્ય સાધન સામગ્રીનો સમાવેશ થાય છે. પોલિંગ પાર્ટીઓ આજે બસ તેમજ નાની ગાડીઓ દ્વારા મતદાન મથક પર પહોંચી ગઈ છે.

## જંગની રસપ્રદ વાતો...

**સૌથી વધુ મતદાન મથકો વોર્ડ નં. ૯-૧૦-૧૧માં ૩૧-૩૧ : વોર્ડ નં. ૫ માં સૌથી ઓછા મતદારો ધરાવતુ મતદાન મથક તો વોર્ડ નં. ૬ માં સૌથી વધુ મતદારો ધરાવતુ મતદાન મથક છે : સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૧માં, સૌથી ઓછા વોર્ડ નં. ૫માં, સૌથી ઓછા નોંધાયેલા મતદારો વોર્ડ નં. ૧ માં, સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૯માં**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૧ વોર્ડ છે. જેમાં વોર્ડ નં. ૯, ૧૦, ૧૧ માં ૩૧-૩૧ મતદાન મથકો આવેલા છે. સૌથી ઓછા મતદાન મથકો વોર્ડ નં. ૧ માં ૧૯ છે. જ્યારે વોર્ડ નં. ૨ માં ૨૩, વોર્ડ નં. ૩ માં ૨૧, વોર્ડ નં. ૪ માં ૨૭, વોર્ડ નં. ૫ માં ૨૩, વોર્ડ નં. ૬ માં ૨૪, વોર્ડ નં. ૭ માં ૨૪ મતદાન મથકો આવેલા છે.

ગાંધીનગર મનપામાં સૌથી ઓછા મતદારો ધરાવતુ મતદાન મથક વોર્ડ નં. ૫ માં છે. મતદાન મથક નં. ૧૯ જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧૮૬ છે. જેમાં ૯૦ પુરૂષ અને ૯૫ મહિલા મતદારો નોંધાયેલા છે. જ્યારે સૌથી વધુ મતદારો ધરાવતુ મતદાન મથક વોર્ડ નં. ૬માં છે. સે. ૧૩ના સુવિધા કેન્દ્ર ખાતેનું મતદાન મથક જ્યાં ૧૪૬૬ મતદારો નોંધાયેલા છે જેમાં ૭૦ પુરૂષ અને ૭૫૬ મહિલા મતદારો નોંધાયેલા છે.

ગાંધીનગર મનપાના ૧૧ વોર્ડમાં સૌથી ઓછા નોંધાયેલા મતદારો વોર્ડ નં. ૧ માં છે જ્યાં મતદારો ૧૮,૮૨૫ છે. જેમાં ૯૬૯૭ પુરૂષ અને ૯૧૨૮ મહિલા મતદારો છે.

સૌથી વધુ મતદારો વોર્ડ નં. ૯ માં છે જ્યાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૩૩૧૦૬ છે. જેમાં ૧૬,૭૧૪ પુરૂષ, ૧૬,૩૯૦ મહિલા અને ૨ અન્ય નોંધાયેલા મતદારો છે.

આ જંગ માટે ૧૭૭૫ પોલિંગ સ્ટાફ છે જ્યારે ૧૨૭૦ પોલીસ કર્મીઓ છે. આ જંગમાં ૩૧૭ કંટ્રોલ યુનિટ અને ૪૬૧ બેલેટ યુનિટ ઉપયોગમાં લેવામાં આવનાર છે.

મનપાના આ ચૂંટણી જંગમાં સૌથી વધુ ઉમેદવારો વોર્ડ નં. ૧ માં ૨૦ છે. તો સૌથી ઓછા ઉમેદવારો વોર્ડ નં. ૫ માં ૧૧ છે.

## સવારે ૬ વાગે મોક પોલ થશે ૭ વાગ્યાથી મતદાનનો આરંભ થશે

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં આજે સવારે ૭ વાગ્યાથી મતદાનનો આરંભ થશે. આ મતદાનના આરંભ પૂર્વે સવારે ૬ વાગ્યે રાજકીય પક્ષોના ઉમેદવારોના એજન્ટોની હાજરીમાં મોક પોલ કરવામાં આવશે.

## મહાનગરપાલિકાની ચુંટણી કામગીરી માટે ડેપોએ ૨૫ બસો ફાળવી

### આજે મતદાન પુર્ણ થયા બાદ બસો પરત થશે



ગાંધીનગર તા ૨

ગાંધીનગર કોર્પોરેશનની ચુંટણીને અનુલક્ષીને આજે મતદાન થવાનુ છે. જયારે ચુંટણીને અનુલક્ષી જરૂરી તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે. ચુંટણી દરમિયાન ઈ વી એમ મશીન તેમજ ચુંટણી સાહીત્ય અને કર્મચારીઓને બુથ સુધી પહોંચાડવા માટે બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. ગાંધીનગર ડેપો દ્વારા આ કામગીરી માટે ૨૫ જેટલી બસો દોડવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીને અનુલક્ષી વિવિધ વોર્ડમાં મતદાનને અનુલક્ષી જરૂરી તૈયારીઓ કરી દેવામાં આવી છે. જયારે ચુંટણી સાહીત્ય તેમજ ઈ વી એમ મશીન સલામત મતદાન કેન્દ્ર પર પહોંચાડવા માટે એસ ટી બસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ માટે ગાંધીનગર ડેપોની ૨૫ જેટલી બસો ફાળવવામાં આવી છે. ચુંટણીમાં ૧૮ જેટલા ગામોનો પણ સમાવેશ કરાયો છે. જયારે ચુંટણીની કામગીરીમાં જોડાયેલા કર્મચારીઓને તેમજ જરૂરી સામગ્રી અને સાહિત્યને પણ લઈ જવા માટે ગાંધીનગર ડેપો પાસે બસ સેવા માટે રજુઆત કરવામાં આવી હતી. રવિવારે ચુંટણી પ્રક્રીયા પુર્ણ થયા બાદ આ સામગ્રી તેમજ કર્મચારીઓને અવરજવર માટે પણ બસ સેવાનો ઉપયોગ કરાશે.

## સે. ૪ ના યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે વધુ એક કોરોનાનો કેસ નોંધાયો છે. આ સાથે શહેરમાં હાલ કોરોનાના કેસોની સંખ્યા ૪ થઈ છે.

ગાંધીનગર સે. ૪ના ૧૯ વર્ષીય યુવકનો રિપોર્ટ આજે પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. મળતી વિગતો પ્રમાણે આ યુવક વિદેશમાં મેડીકલના અભ્યાસ માટે ગયેલો હતો ત્યાંથી પરત આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં બે દિવસના અંતરે જ બીજો કેસ મળી આવતાં તંત્ર એલર્ટ બની ગયુ છે. શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ ફરજીયાત માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સીંગની સૂચનાઓનું અસરકારક પાલન થાય તે જોવા તંત્રને તાકીદ કરવામાં આવી છે. શહેરમાં હાલ ૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. આ તમામ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. શહેરમાં એક તરફ વાહકજન્ય રોગચાળો અને કોરોનાના કેસો છુટા છવાયા મળવાના શરૂ થતાં આરોગ્યતંત્રની દોડધામ વધી જવા પામી છે.

## શહેરમાં બપોરના સમયે વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી ભરાયા

**સેકટરોમાં વરસાદી ઝાપટાના લીધે ઠેર ઠેર કાદવ કિચ્ચડ : સેકટરમાં વરસાદી સમસ્યાઓ ઉભરાઇ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં છેલ્લા બે ચાર દિવસથી વરસાદના સદંતર વિરામ બાદ આજે બપોરના સમયે અચાનક જ ભારે વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. થોડીવાર માટે ભારે ઝાપટુ વરસીને વરસાદ અદ્રશ્ય થઈ જતા વાતાવરણમાં ભીંજારા વચ્ચે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓ સ્થાનિકો માટે



તોબારૂપ બની હતી. શહેરમાં સિઝનનો અત્યાર સુધી અંદાજિત ૧૬ ઈંચ વરસાદ થયો છે. સાંજના સમયે પણ વરસાદી વાદળો ગોરંભાયેલા રહ્યા હતા જયારે વરસાદી વાયરાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વરસાદના વિરામ વચ્ચે વાતાવરણ ચોખ્ખુ રહ્યુ હતુ. અત્યાર સુધી શહેરમાં સિઝનનો

● અનુસંધાન પાન-૭ પર

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન
શ્રી સોમનાથ મહાદેવજી મંદિર, સે.૧૬, ગાંધીનગર
છઝ હોલ, રૂમો, ઓપન ગ્રાઉન્ડ, ડેકોરેશન, કેટરીંગ, લાઈટીંગ સાથે ૧૦૦૦ વ્યક્તિનાં ફંકશનનું પેકેજ ઉપલબ્ધ
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 9824513595, 9409146143

પરંપરા ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ
ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર
પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે
૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 7359800880, 9824267535, 9427487999

## બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **દર્શનલાલ ગંગાપ્રસાદ ગોસાઈ** તા. ૨૯/૯/૨૦૨૧ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્ગતનું બેસણું તા. ૩/૧૦/૨૦૨૧ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૯૭૬/૨, સેક્ટર-૭-સી, ગાંધીનગર**

લી.
**ગં.સ્વ. રંજનબેન દર્શનલાલ ગોસાઈ**
**વિનોદભાઈ દર્શનલાલ ગોસાઈ**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com